# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-10-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## બેસ્ટ પરફોર્મિંગ રાજ્ય:

આદિકર્મયોગી અભિયાનમાં ગુજરાતને રાષ્ટ્રીય સ્તરે ગૌરવ પ્રાપ્ત થયુ છે. રાષ્ટ્રપતિના હસ્તે ગુજરાતને બેસ્ટ પરફોર્મિંગ રાજ્ય તરીકેનો એવોર્ડ પ્રાપ્ત થયો.

---------------------------------------------------------------------------------------------

## દિવાળી પર્વ ઉજવણી:

દિવાળીના પંચપર્વની કચ્છમાં પરંપરાગત શ્રદ્ધા અને ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. દેવ મંદિરો અને સરકારી ઈમારતો તેમજ શહેરના સર્કલને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યા છે. વહેલી સવારે મંગળા આરતી તેમજ સાંજે બજારોમાં છેલ્લી ઘડીની ખરીદીમાં ભીડ જોવા મળી રહી છે. દિવાળી પર્વને લઈને ભુજમાં અદાણી સંચાલિત જીકે જનરલ હોસ્પિટલ તેમજ કોલેજમાં રંગોળી રચી સર્વે સંતુ નિરામયાની કામના કરાઈ છે, તો જિલ્લાના નખત્રાણા, લખપત, અબડાસા અને ભુજના ગ્રામ્ય વિસ્તારોમાં કચ્છી પરંપરાગત સંસ્કૃતિનું જીવંત સ્વરૂપ એવા પશુધનને તેમના દોરડા, ગાંડા શણગારીને ઉજવણી કરવામાં આવી રહી છે. તેમજ પશુધનના શીંગડા રંગવાની પ્રથા પણ આજે જોવા મળી રહી છે.

કચ્છના આર્થિક પાટનગર ગાંધીધામ સંકુલમાં વિભિન્ન પ્રાંતમાંથી આવેલ લોકો દિવાળીની ઉજવણી કરતા હોય છે. સિંધી સમાજ દ્વારા વર્ષો જૂની દિવાળીથી ભાઈબીજ સુધી અનોખી હટળી માની દીપ પ્રજ્જવલીત કરી પૂજા કરવામાં આવે છે.

---------------------------------------------------------------------------------------------

## સાંસદ-BSF કેમ્પસ જવાનો સાથે ઉજવણી:

આપણા દેશની સરહદોનું રખોપુ કરતા જવાનો આપણા પરિવારજન જ છે, તેઓ 365 દિવસ જાગતા રહી સરહદોની રક્ષા કરે છે ,ત્યારે આપણે દેશવાસીઓ દરેક તહેવારો શાંતિપૂર્વક ઉલ્લાસ સાથે ઉજવણી કરી શકીએ છીએ. કચ્છના સંસદ વિનોદ ચાવડાએ આજે ભુજના બીએસએફ કેમ્પસમાં જવાનો સાથે દિવાળીની ઉજવણી કરતા આ મુજબ જણાવ્યું હતું.

આ અવસરે સાંસદે સરહદનું રખોપું કરતા સીમા સુરક્ષા દળના જવાનોને 1000 કિલો થી વધુ મીઠાઈનું વિતરણ કર્યું હતું અને દિવાળી અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે સેનાના અધિકારીઓ તેમજ જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------------------------

## GST-બચત ઉત્સવ ગ્રાહક પ્રતિક્રિયા:

22મી સપ્ટેમ્બરથી શરૂ કરાયેલ GST બચત ઉત્સવ સમાજના તમામ વર્ગના લોકોને લાભ આપી રહ્યો છે. નાની કારમાં GSTમાં ઘટાડો થતાં લોકો સરકારનો આભાર માની રહ્યા છે. આ અંગે ભુજના એક ગ્રાહકે પોતાની પ્રતિક્રિયા આપી હતી.

(બાઇટ : ધાત્રી બહેન માંકડ – ગ્રાહક)

---------------------------------------------------------------------------------------------------------

## આગની બે ઘટનાઓ:

જીલ્લામાં આજે આગ લાગવાની બે જુદી જુદી ઘટનાઓ સામે આવી છે.કચ્છ-સૌરાષ્ટ્રને જોડતા નેશનલ હાઈવે 27 પર સિકારપુર નજીક મોરબી તરફ જતી એક ખાનગી ટ્રાવેલ્સ બસમાં મોડી રાત્રે આગ લાગી હતી. સદભાગ્યે, બસમાં સવાર તમામ મુસાફરોને સમયસર સુરક્ષિત રીતે નીચે ઉતારી લેવાતા કોઈ જાનહાનિ થઈ ન હતી.

બીજી બાજુ, ભુજ શહેરના હોસ્પિટલ રોડ પરના રેડીમેડ શોરૂમના ભોંયરામાં આવેલા સ્ટોર રૂમમાં આજે સવારે આગ લાગી હતી. આગની જાણ થતાં જ ભુજ ફાયર વિભાગની ટીમ બે

વોટર બાઉઝર સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. આશરે સવા કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવાયો હતો.

---

## ક્રિકેટ:

ઓસ્ટ્રેલિયાએ ભારતને પ્રથમ એક દિવસીય મેચમાં 7 વિકેટે હરાવી  પર્થ ખાતેની પ્રથમ મેચમાં વિજયી આરંભ કર્યો છે. વરસાદ થી અવાર નવાર બાધિત મેચ 50 ઓવરને બદલે 26 ઓવરની કરી નાખવામાં આવી ભારતે પ્રથમ  દાવ લઈ 9 વિકેટે 136 રન કર્યા હતા. જવાબમાં ઓસ્ટ્રેલિયાની ટીમે 3 વિકેટ ગુમાવી 131 રન કર્યા હતા. ડી.એલ.એસના આધારે ટીમ  વિજેતા જાહેર થઈ હતી.

---

## વાહન-પ્રવેશબંધી-જાહેરનામું

ભુજને આખરે ભારે વાહનોના ટ્રાફિક થી છુટકારો મળશે.  ભુજમાં પ્રવેશતા ભારે વાહનો હવેથી નળ સર્કલ થઇ નાગોર ઓવરબ્રિજ થી ડી માર્ટ થી હિલગાર્ડન ત્રણ રસ્તા થી જઈ શકશે. ભારે વાહનો હવે ભુજ શહેર અંદર થી આવાગમન કરી શકશે નહીં. ભારે વાહનોના પ્રવેશબંધી થી શહેરમાં ટ્રાફિક સમસ્યા હળવી થશે અને અકસ્માતનું પ્રમાણ ઘટશે.જિલ્લા કલેક્ટર દ્વારા આ અંગનું પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ છે.

---